# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/024 Dt. 30/06/2025

તંત્રીશ્રી, ___________________________,સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા સર્વાઇકલ કેન્સર વેકિસન વિષે મહિલા સાહસિકોને માહિતી અપાઇ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૩૦ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સર્વાઇકલ કેન્સર વેકિસન સંદર્ભે સેશન યોજાયું હતું, જેમાં સુરતના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડો. સોનિયા ચંદાનીએ સર્વાઇકલ કેન્સર અને તેનાથી રક્ષણ મેળવવા હેતુ ઉપલબ્ધ વેકિસન તેમજ મહિલાઓના આરોગ્ય સંબંધિત વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આરોગ્ય સંબંધિત સેશનનો હેતુ માત્ર માહિતી આપવાનો નથી, પરંતુ ચેમ્બરના સભ્યો તથા તેમના પરિવારજનોમાં આરોગ્ય પ્રત્યેની જાગૃતિ વધારવાનો છે. ચેમ્બરનું કાર્ય માત્ર ઉદ્યોગ જગત પૂરતું સીમિત નથી. સામાજિક ઉત્તરદાયિત્વના ભાગ રૂપે ચેમ્બર, સભ્યોના સર્વાંગી વિકાસ માટે હેલ્થ અને વેલનેસ જેવા મુદ્દાઓ પર પણ ભાર મૂકે છે.

ડો. સોનિયા ચંદાનીએ જણાવ્યું હતું કે, સર્વાઇકલ કેન્સર મહિલાઓમાં થતા કેન્સર પૈકી એક મુખ્ય છે, જે સામાન્ય રીતે HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) સંક્રમણથી થાય છે. આ વાયરસ શારીરિક સંપર્કથી ફેલાય છે અને કેટલાક કેસોમાં સમયસર સારવાર ન મળતા જીવલેણ સાબિત થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે, HPV સામે રક્ષણ આપવા વેક્સિન ઉપલબ્ધ છે અને આધુનિક સ્ટડી મુજબ મહિલાઓ માટે તેનો ઉપયોગ લાભદાયી રહી શકે છે.

તેમણે સર્વાઇકલ કેન્સરના લક્ષણો, સ્ક્રીનિંગ પદ્ધતિઓ તથા રેગ્યુલર ગાયનેક ચેકઅપના મહત્વ વિષે પણ મહિલા સાહસિકોને સમજણ આપી હતી. તેમણે વેક્સિન વિષેના કેટલાક મતભેદોને દૂર કરતા આ વેક્સિન સુરક્ષિત અને વૈજ્ઞાનિક રીતે માન્ય હોવાનું જણાવ્યું હતું

ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇ તથા સભ્યો અને SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સેશનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.